ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસ:૧૭૦૪ /૧૨/૨૦૨૨** **તા:૦૮/૧૨/૨૦૨૨**

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ અને રાજ્યના
મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પત્રકાર પરીષદ સંબોધી

---

**દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિભાઇ શાહ સાહેબ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડા સાહેબનો ગુજરાતમાં ચૂંટણી પ્રચાર પ્રસાર કરી રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસવાદની રાજનીતિની વાતો ગુજરાતની જનતા જનાર્દન સમક્ષ મૂકી મતદાન અંગે પ્રેરીત કરી**
ભારતીય જનતા પાર્ટીને વિજયી બનાવવા બદલ આભાર - શ્રી સી. આર. પાટીલ

---

લોકતંત્રના મહાપર્વ અંતર્ગત યોજાયેલ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં
ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને ગુજરાતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી સમર્થન આપવા બદલ ગુજરાતની જનતા જનાર્દનનો આભાર - શ્રી સી. આર. પાટીલ

---

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ જીત ભારતીય જનતા પાર્ટીની જ નથી પરંતુ ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટી ઉપર મૂકેલ વિશ્વાસની જીત છે. રાષ્ટ્રવાદની વિચારધારાની જીત છે. વિકાસવાદની રાજનીતિની જીત છે - શ્રી સી. આર. પાટીલ

---

ગુજરાતના જનતા જનાર્દનના આર્શિવાદથી આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી મળી છે. ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપવાનું મન બનાવી ચૂકી હતી - શ્રી સી. આર. પાટીલ

---

ગુજરાતની જનતા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને હૃદયથી ચાહે છે - શ્રી સી. આર. પાટીલ

---

**સમગ્ર પ્રચાર દરમિયાન અમને પક્ષના વરિષ્ઠ નેતૃત્વનો સતત સહયોગ અને માર્ગદર્શન મળ્યું હતું જેના કારણે અપાર શક્તિ અને પ્રેરણા મળતી રહી, કાર્યકરોને પ્રોત્સાહન મળતું રહ્યું - શ્રી સી. આર. પાટીલ**

---

**આખા પ્રચાર-પ્રસારને જોઉં છું ત્યારે મારા મગજમાં ત્રણ શબ્દો આવે છે નિશ્ચય, મહેનત અને સંતોષકારક પરિણામ - શ્રી સી. આર. પાટીલ**

---

**ચૂંટણી પ્રચારમાં કાર્યકરોનો ઉત્સાહ અને અથાગ મહેનત જોઈને**

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મને સૌથી વધુ આનંદ થાય છે - શ્રી સી. આર. પાટીલ

---

ભારતીય જનતા પાર્ટીની આ જીત ભાજપાના છેલ્લા
૨૭ વર્ષના સકારાત્મક કાર્યોની જીત છે - શ્રી સી. આર. પાટીલ

---

આઝાદીના સમયથી કોંગ્રેસનો ગઢ ગણાતી ૯ સીટો પૈકી ૭ સીટો ઉપર
ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત થઇ છે - શ્રી સી. આર. પાટીલ

---

રાજ્યમાં આવેલ રેવડી આપનારી પાર્ટી તેમજ કોંગ્રેસીઓની
તુષ્ટીકરણની રાજનીતિને ગુજરાતની જનતાએ નકારી છે - શ્રી સી. આર. પાટીલ

---

ગુજરાતની અસ્મિતા જાળવી રાખવા માટે રેવડી આપનારી
આમ આદમી પાર્ટીને દિલ્હી પરત જવાનો રસ્તો બતાવી આપ્યો છે - શ્રી સી. આર. પાટીલ

---

ગુજરાતની જનતા જનાર્દને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભારતીય જનતા
પાર્ટી ઉપર ભરોસો મૂકી સૌથી વધુ સીટો સૌથી વધુ લીડ અને સૌથી વધુ
વોટશેર સાથે
પૂર્ણ બહુમતી આપેલ છે - શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

---

**કર્મઠ કાર્યકર્તાઓને આગામી સમયમાં દેશમાં અને વિશ્વમાં ગુજરાત રાજ્યને પ્રસ્થાપિત કરવા માટે અને ગુજરાત નં. ૧ નું બિરૂદ જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં સતત પ્રયત્નશીલ રહે તેવી અપીલ - શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

---

**ભારતીય જનતા પાર્ટીએ જાહેર કરેલ સંકલ્પ પત્ર રૂપી દસ્તાવેજને પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેશે - શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

---

**આગામી સમયમાં પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપેલ સૌના સાથ, સૌના વિકાસ, સૌના પ્રયાસના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાત રાજ્ય દેશનું પહલું રાજ્ય બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો - શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પત્રકાર પરીષદ સંબોધી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, લોકતંત્રના મહાપર્વ અંતર્ગત યોજાયેલ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને ગુજરાતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી સમર્થન આપવા બદલ ગુજરાતની જનતા જનાર્દનનો આભાર માન્યો હતો. આ જીત ભારતીય જનતા પાર્ટીની જ નથી પરંતુ ગુજરાતની જનતા

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભારતીય જનતા પાર્ટી ઉપર મૂકેલ વિશ્વાસની જીત છે. રાષ્ટ્રવાદની વિચારધારાની જીત છે. વિકાસવાદની રાજનીતિની જીત છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના જનતા જનાર્દનના આર્શિવાદથી આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી મળી છે. ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપવાનું મન બનાવી ચૂકી હતી. લોકતંત્રના આ મહાપર્વમાં દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૩૩ જનસભા અને ૩ રોડ શો યોજી ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં પ્રચાર પ્રસાર કર્યો હતો. ગુજરાતની જનતા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને હૃદયથી ચાહે છે. દેશના યશસ્વી ગૃહ મંત્રીશ્રીએ પણ સભાઓ અને રોડ શો યોજી ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં પ્રચાર પ્રસાર કર્યો હતો અને ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસવાદની રાજનીતિ યથાવત રાખવા મતદાન કરવા ગુજરાતની જનતાને અપીલ કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પટેલ સાહેબનો આભાર વ્યક્ત કરવાની સાથોસાથ કેન્દ્રિય નેતૃત્વ અને અન્ય રાજ્યોમાંથી આવેલ મુખ્યમંત્રીશ્રીઓનો અને ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. **માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીનો પણ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમણે ગુજરાતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું અને જાહેર સભાઓ સંબોધીને રાષ્ટ્રવાદ અને વિકાસવાદ થકી ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપવા પ્રેરીત કર્યા. સમગ્ર પ્રચાર દરમિયાન અમને પક્ષના વરિષ્ઠ નેતૃત્વનો સતત સહયોગ અને માર્ગદર્શન મળ્યું હતું જેના કારણે અપાર શક્તિ અને પ્રેરણા મળતી રહી, કાર્યકરોને પ્રોત્સાહન મળતું રહ્યું છે.**

**શ્રી સી. આર. પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, આખા પ્રચાર-પ્રસારને જોઉં છું ત્યારે મારા મગજમાં ત્રણ શબ્દો આવે છે - નિશ્ચય, મહેનત અને સંતોષકારક પરિણામ. ચૂંટણી પ્રચારમાં કાર્યકરોનો ઉત્સાહ અને અથાગ મહેનત જોઈને મને સૌથી વધુ આનંદ થાય છે. ભારતીય જનતા પાર્ટીની આ જીત ભાજપાના છેલ્લા ૨૭ વર્ષના સકારાત્મક**

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

કાર્યોની જીત છે ભારતીય જનતા પાર્ટી જનતાની સેવા અને કલ્યાણને આદર્શ માનીને કામ કર્યું છે. ભારતીય જનતા પાર્ટી સુશાસન અને વિકાસના સંકલ્પને સાકાર કરવા ગુજરાતના ખૂણે ખૂણે લઇ જવાનો પ્રયાસ કર્યો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકાસ કાર્યો અને તેમના સ્વપ્નોને જમીન ઉપર ઉતારી તેને પૂર્ણ કરવાનું કામ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ વાળી સરકાર કરી રહી છે.

શ્રી સી. આર. પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી આગામી સરકાર ભવ્ય ગુજરાત, ગૌરવશાળી ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાના ઉદેશ સાથે આગળ વધવાની છે. ગુજરાતની જનતા જાણે છે અને સમજે છે કે ગુજરાતનો વિકાસ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન વાળી સરકાર દ્વારા જ થઇ શકે છે. ગુજરાતમાં અન્ય રાજકીય પક્ષો દ્વારા મોટી મોટી લોભામણી જાહેરાતો આપવામાં આવી હતી. ગુજરાતની વિકાસયાત્રામાં રોડા નાંખનાર રાષ્ટ્રવિરોધી શક્તિઓ પણ આવી હતી. ગુજરાતની જનતા સ્વાભિમાનથી જીવવા વાળી હોવાથી ગુજરાત વિરોધી, કાવતરાખોર શક્તિઓને ફગાવી ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપી છે.

શ્રી સી. આર. પાટીલ સાહેબે વધુમાં જણાવ્યુ હતું કે, ચૂંટણી પ્રચાર પ્રસાર એ કાર્યકર્તાઓ માટે જીવનનો યાદગાર અનુભવ છે. જનતા અને સંગઠનના વિશ્વાસને મજબૂતી આપવાનું કામ કરે છે. પક્ષની વિચારધારા અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ કરે છે અને તેનાથી જ શ્રેષ્ઠ ગુજરાતના નિર્માણમાં કાર્યકર્તાઓ નિઃસ્વાર્થપણે તેમનું યોગદાન આપે છે. રાજ્યમાં આગામી ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનવાળી સરકાર ગુજરાતના વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરશે અને ચૂંટાયેલા પ્રતિનિધીઓ સત્તાને માધ્યમ બનાવી લોકોની સેવા અને કલ્યાણની પરંપરાને આગળ વધારવાનો તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો જનાધાર સ્પષ્ટ થઇ ગયો છે અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સાહેબે પહેલેથીજ કહી દીધુ હતું કે આ વખતે ગુજરાતના તમામ રેકોર્ડ તોડવા જઇ રહી છે અને થયું છે પણ એવું જ કે ગુજરાતની જનતા જનાર્દને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂકી સૌથી વધુ સીટો સૌથી વધુ લીડ અને સૌથી વધુ વોટશેર સાથે પૂર્ણ બહુમતી આપેલ છે. ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર કોઇપણ જાતની પદ પ્રતિષ્ઠા વગર જનસેવા કાર્યોમાં કાર્યરત છે. ભારતીય જનતા પાર્ટીની જીત એ જનતા જનાર્દનની જીત છે અને ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓની જીત છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ તેમજ કર્મઠ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. કર્મઠ કાર્યકર્તાઓને આગામી સમયમાં દેશમાં અને વિશ્વમાં ગુજરાત રાજ્યને પ્રસ્થાપિત કરવા માટે અને ગુજરાત નં. ૧ નું બિરૂદ જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં સતત પ્રયત્નશીલ રહે તેવી અપીલ કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ જાહેર કરેલ સંકલ્પ પત્ર રૂપી દસ્તાવેજને પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેવા અંગે પણ અપીલ કરી હતી. આગામી સમયમાં પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપેલ સૌના સાથ, સૌના વિકાસ, સૌના પ્રયાસના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાત રાજ્ય દેશનું પહલું રાજ્ય બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

શ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારોના પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં આવેલ રેવડી આપનારી પાર્ટી તેમજ કોંગ્રેસીઓની તુષ્ટીકરણની રાજનીતિને ગુજરાતની જનતાએ નકારી છે અને ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ શાહ સાહેબની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી છે. આઝાદીના સમયથી કોંગ્રેસનો ગઢ ગણાતી ૯ સીટો પૈકી ૭ સીટો ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત થઇ છે. ગુજરાતની અસ્મિતા જાળવી રાખવા માટે રેવડી આપનારી આમ આદમી પાર્ટીને દિલ્હી પરત જવાનો રસ્તો બતાવી આપ્યો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતની જનતાએ વિકાસલક્ષી કામગીરી જોઇ તેમના આશિર્વાદ આપ્યાં છે.

શ્રી સી. આર. પાટીલ સાહેબની આ પત્રકાર પરીષદમાં ગુજરાતના સહ પ્રભારી શ્રી સુધીર ગુપ્તાજી, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયા, શ્રી એમ. એસ. પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, રજનીભાઇ પટેલ, પ્રદેશ પ્રવક્તા શ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશ કોષાધ્યક્ષશ્રી સુરેન્દ્રભાઇ પટેલ, સહપ્રવક્તા શ્રી ભરતભાઇ ડાંગર ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)